# શહેરમાં ઈદ ઉલ ફીત્રની ઉલ્લાસભેર ઉજવણી

**રમઝાન માસમાં આકરા રોઝા કર્યા બાદ ચાંદ દેખાતા શહેરમાં ઈદની ઉજવણી થઈ : શહેરમાં બે સ્થળોએ ઈદની નમાઝ અદા કરાઈ**



ગાંધીનગર, તા. ૫

રમઝાન માસની પૂર્ણતાએ શહેરમાં રમઝાન ઈદની ઉલ્લાસભેર ઉજવણી થઈ હતી. મુસ્લિમ બિરાદરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ચરેડી ઈદગાહ અને સે. ૨૧ની જુમ્મા મસ્જીદ ખાતે ઈદની નમાઝ અદા કરવામાં આવી હતી. શહેરના હરવા ફરવાના સ્થળોએ મોડી સાંજે ભારે ભીડ જોવા મળી હતી. ઉલ્લાસમય વાતાવરણ વચ્ચે ઈદની ઉજવણી થઈ હતી.



આકરી ગરમી વચ્ચે આખો દિવસ ખાધાપીધા વગર રોઝાની કપરી તપસ્યા કર્યા બાદ રમઝાન માસ પૂર્ણ થયો હતો. મંગળવારે સાંજે ઈદનો ચાંદ દેખાતા બુધવારે ઈદની ઉજવણીની જાહેરાત થઈ હતી. ઈદની ઉજવણીની જાહેરાત સાથે જ મોડી સાંજે બજારોમાં ખરીદી માટે ભીડ જોવા મળી હતી. તૈયાર વસ્ત્રો, બુટ-ચંપલ અને ખાણી-પીણીની ચીજવસ્તુઓની ખરીદી મોડી રાત સુધી થઈ હતી. ત્યારબાદ વહેલી સવારે ઈદની ઉજવણીનો પ્રારંભ થયો હતો. મુસ્લિમ બિરાદરોના પરિવારોમાં ઘરે ઘરે શીરકુરમા બન્યા હતા. ચરેડી ઈદગાહ અને સેક્ટર-૨૧ની જુમ્મા મુસ્જીદ ખાતે ઈદની ખાસ નમાઝ અદા કરવામાં આવી હતી. આકરી ગરમીમાં રમઝાન માસના રોઝા સફળતાપૂર્વક પૂર્ણ થતાં ઈદનો ઉલ્લાસ ચરમસીમાએ જોવા મળ્યો હતો.

મુસ્લિમ બીરાદરોએ નમાઝ બાદ એકબીજાના ગળે મળી ઈદ મુબારકની શુભેચ્છા પાઠવી હતી. ઈદની ઉજવણીના ભાગરૂપે એકબીજાના ઘરે શુભેચ્છા પાઠવવા જવાની પ્રણાલીકા જોવા મળી હતી. મુસ્લિમ બીરાદરોમાં ઈદની ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. મોડી સાંજે હરવાફરવાના સ્થળોએ અને ખાણી-પીણીના સ્થળોએ ભારે ભીડ જોવા મળી હતી.

ગાંધીનગર શહેર ઉપરાંત શહેરની નજીક આવેલા પેથાપુર, ચિલોડા અને અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઈદની વિશેષ નમાઝ અદા કરી ઈદની ઉલ્લાસમય વાતાવણમાં ઉજવણી થઈ હતી.

# રાજ્યમાં ૧૫મીથી સાતમી આર્થિક ગણતરી

**નોટબંધી પછી આ પહેલી આર્થિક ગણતરી : મોબાઈલ એપથી ગણતરી થશે : ૩ મહિના કામગીરી ચાલશે : આર્થિક ગણતરીમાં ખેતીની બાદબાકી પણ ખેતી આધારિત ઉદ્યોગોનો સમાવેશ કરાયો છે**

ગાંધીનગર, તા. ૫

નોટબંધીના અમલ પછી પહેલીવાર દેશભરમાં આર્થિક ગણતરીનો દોર શરૂ થઈ રહ્યો છે જે દેશના આર્થિક વિકાસનું ચિત્ર રજુ કરશે.

ગુજરાતમાં ૧૫મી જૂનથી આ આર્થિક ગણતરી શરૂ થશે. દેશમાં વસ્તી ગણતરી પછી આ સૌથી મોટી ગણતરીનું અભિયાન છે. છ વર્ષ પછી આ આર્થિક ગણતરી કરવામાં આવી રહી છે.

ત્રણ મહિના સુધી આ આર્થિક ગણતરીની કામગીરી ચાલશે. પ્રથમવાર ઈન્ફર્મેશન કોમ્યુનિકેશન રૂલ્સ મારફતે ઓનલાઈન અને ઓફલાઈન એપ્લીકેશનની મદદથી આ ગણતરી કરવામાં આવનાર છે. આને લીધે ગણતરીના પરિણામો ડિસે. ૧૯ સુધીમાં પ્રાપ્ત થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

મિનીસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટીક્સ એન્ડ પ્લાનીંગ ઈમ્લીમેન્ટેશનનો આ નિર્ણય છે અને કોમન સર્વીસ સેન્ટર દ્વારા આ આર્થિક ગણતરી હાથ ધરવામાં આવનાર છે.

આ માટે દરેક જિલ્લામાં કલેક્ટરના અધ્યક્ષપદે એક ડીસ્ટ્રીક્ટ લેવલ કોર્ડીનેશન કમિટીની રચના પણ કરવામાં આવી છે.

૧૫મી જૂનથી શરૂ થનાર આ આર્થિક ગણતરી અંગેનો રાજ્યકક્ષાના તાલિમનો વર્ગ અમદાવાદ ખાતે તાજેતરમાં યોજાઈ ગયો છે અને હવે જિલ્લાવાર આ અંગે તાલિમ આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ આર્થિક ગણતરીનો આધારે રાજ્યોનો વિકાસ તેમજ ઉદ્યોગોની સ્થિતિનું ચિત્ર બહાર આવશે અને તેને આધારે નવી નીતિઓનું માળખુ તૈયાર કરવામાં આવશે.

આ આર્થિક ગણતરીમાં ખેતીને બાકાત રાખવામાં આવેલ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં સાતમી આર્થિક ગણતરી માટે ૭૬૫ મોજણીદારો

**જિલ્લાને ૨૭૩૦ બ્લોકમાં વિભાજીત કરી આ આર્થિક ગણતરી થશે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ૭૬૫ મોજણીદારો, ૧૫૫ સુપરવાઈઝરોની નિગરાનીમાં સાતમી આર્થિક ગણતરી કરશે. આ માટે જિલ્લામાં ૨૭૩૦ જેટલા બ્લોક બનાવવામાં આવ્યા છે. વસ્તી ગણતરી પછીની આ સૌથી મોટી ગણતરી છે. આ પેપરલેસ ગણતરી માટે મોજણીદારોને તાલિમ પણ આગામી સપ્તાહમાં આપવામાં આવનાર છે.

કોમન સર્વીસ સેન્ટર દ્વારા આ આર્થિક ગણતરી હાથ ધરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકામાં ૪૫૬ બ્લોક, દહેગામ નગરપાલિકામાં ૯૪ બ્લોક, પેથાપુરમાં ૪૨ બ્લોક, કલોલમાં ૨૨૯ બ્લોક, માણસામાં ૯૨ બ્લોક, ઈન્ડસ્ટ્રીયલ નોટીફાઈડ એરિયાના ૮ બ્લોક તેમજ સીટી વિસ્તારના ૧૩૮ બ્લોકમાં ગણતરી થશે. તો તાલુકાવાર જોઈએ તો કલોલમાં ૩૯૦, દહેગામમાં ૩૬૬, ગાંધીનગરમાં ૫૬૯ અને માણસામાં ૩૪૬ તેમજ શહેરી વિસ્તારના ૧૦૫૯ બ્લોક મળી કુલ ૨૭૩૦ બ્લોકસમાં જિલ્લો વિભાજીત કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૪૯૦ મોજણીદારો તો શહેરી વિસ્તારોમાં ૨૭૫ મોજણીદારો મળી કુલ ૭૬૫ મોજણીદારોની નિયુક્તી કરાશે. ૧૨૧ ગ્રામ્ય વિસ્તાર માટે સુપરવાઈઝરો રહેશે જ્યારે શહેરી વિસ્તાર માટે ૩૪ મળી કુલ ૧૫૫ સુપરવાઈઝરો આ મોજણીનું સુપરવિઝન કરશે. જિલ્લામાં આવેલ તમામ આર્થિક ઉપાર્જનમાં સંકળાયેલ એકમોની ગણતરી કરી આર્થિક પેટર્નનો અભ્યાસ કરવામાં આવશે એટલુ જ નહિ પરંતુ જિલ્લામાં ઉદ્યોગોનો વિકાસ અને ઉદ્યોગ નીતિના અમલીકરણમાં શું ત્રુટીઓ છે તેનો પણ ખ્યાલ આવશે. આને કારણે જિલ્લાના સંતુલિત વિકાસ માટે શું જરૂરી છે તેની પણ વિગતો તૈયાર થશે. ત્રણ મહિના સુધી ચાલનારી આ મોજણીમાં મોજણીદારોને નેશનલ સેમ્પલ સર્વે ઓફિસના પ્રતિનિધિઓ અને રાજ્ય સરકારના નિષ્ણાતો દ્વારા તાલિમ આપવામાં આવનાર હોવાથી જિલ્લાનું આર્થિક પાસુ સ્પષ્ટ રીતે ઉજાગર થશે.

# આકરી ગરમી વચ્ચે નગરની હરિયાળીને સુકારનો ખતરો

**વનતંત્રએ ગરમીનો મિજાજ પારખી એડવાન્સ વાવેતર પણ કર્યુ નથી : નવા રોપાઓની વાવણી માટે પણ વરસાદની વાટ**

ગાંધીનગર તા ૫

શહેરમાં ગરમી આકરા મિજાજે છે. જુન મહીનામાં ગરમીની મોસમ ભર ઉનાળાની જેમ નિખરી છે. ત્યારે વરસાદી દિવસોને અનુલક્ષી નવા રોપાઓની વાવણીનો મુદ્દે ચિંતા પ્રવર્તી છે. અલબત્ત વનતંત્ર દ્વારા આ વર્ષે મોસમનો મિજાજ જોઈને એડવાન્સ વાવેતર કરવાનુ ટાળ્યુ છે. બીજીતરફ વરસાદી વાયરો ફુંકાવાની જગ્યાએ આકાશમાંથી અંગારા વરસતા નગરની હરિયાળીને બરકરાર રાખવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે.

શહેરીજનો આકરી ગરમીથી ત્રસ્ત થયા છે. ગરમીનો પારો છેલ્લા ઘણાં દિવસોથી ૪૦ ડીગ્રીની ઉપર રહેતા વળતા ઉનાળે આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો છે. સામાન્ય રીતે જુન મહીનામાં વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધવાની સાથે વરસાદી ઋતુને અનુલક્ષી બફારો વર્તાય છે. પરંતુ આ વર્ષે હજુ પણ ગરમીનો પારો ૪૨ થી ૪૫ ડીગ્રી વચ્ચે સ્થિર રહેતા નગરજનો ભર ઉનાળા જેવી ગરમી વેઠી રહ્યા છે. સિઝનની રેકર્ડ બ્રેક ગરમી પણ જુનમાં નોંધાતા સૌ કોઈ માટે મોસમનો આ મિજાજ આશ્ચર્યનો વિષય

● અનુસંધાન પાન-૭ પર

# ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રાણીઓને રાખવા માટે ટાપુ પ્રકારના નવા મોટ બનશે

**ઉત્તર અને દક્ષિણ ઝોન એમ બે વ્યવસ્થા મુજબ પ્રાણીઓને રાખવામાં આવશે**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર ઈન્દ્રોડા પાર્ક પ્રકૃતિ ઉદ્યાનમાં હીંસક અને અહીંસક પ્રાણીઓને હવે બે ઝોનમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઉત્તર અને દક્ષિણ ઝોન તેમ બે વિભાગમાં પ્રાણીઓને રહેવાની વ્યવસ્થા કરાશે. જયારે સિંહ, વાઘ અને દિપડા જેવા હીંસક પ્રાણી માટે ટાપુ પ્રકારની નવી મોટ પણ તૈયાર કરવામાં આવશે. જેથી સહેલાણીઓ તેમને સરળતાથી નિહાળી શકશે તેમજ પ્રાણીઓની સલામતી અંગે પણ વિશેષ કાળજી થઈ શકશે.

ગાંધીનગર ઈન્દોર પ્રકૃતિ ઉદ્યાનમાં સિંહ, દિપડા અને વાઘ સહીતના હીંસક પ્રાણીઓ સહેલાણીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે. જયારે ઈન્દ્રોડા પકૃતિ ઉદ્યાનમાં હવે હીંસક અને અહિંસક પ્રાણીઓ માટે અલગ અલગ બે ઝોન નિયત કરવામાં આવ્યા છે. અલબત્ત આ પ્રાણીઓને વિવિધ બે ઝોનમાં રાખવામાં આવશે. જેમાં સિંહ , વાઘ અને દિપડા માટે પણ અલગ ટાપુ પ્રકારની અલગ મોટ તૈયાર કરાશે જેમાં સહેલાણીઓ ઉપરથી આ હીંસક પ્રાણીઓને નિહાળી શકશે. જયારે પક્ષીઓ સહીતના અહીંસક પ્રાણીઓ માટે પણ અલગ મોટનુ નિર્માણ કરાશે.ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વાઘને લાવવા માટે ઝુ ઓથોરિટીને અરજી કરવામાં આવી છે.જયારે ઝુ દ્વારા પ્રાણીઓને રાખવા માટે આવા વાડા બનાવવા માટે જણાવાયુ છે. જેને અનુલક્ષી નવા પ્રકારની વ્યવસ્થા તૈયાર કરવામાં આવી રહી છે. જયારે આ વ્યવસ્થાને અનુલક્ષીને સુરક્ષા અંગે પણ વિશેષ તકેદારી રાખવામાં આવશે. અગાઉ હાથીને રાખવાની જયાં વ્યવસ્થા કરવામાં આવી હતી તે ઠેકાણે જ આ પ્રાણીઓને રાખવામાં આવશે.



## બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **ઉપેન્દ્રભાઈ કનૈયાલાલ જોષી (મૂળ ગોંડલ) હાલ ગાંધીનગર**નું દુઃખદ અવસાન તા. ૪/૬/૨૦૧૯ને મંગળવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૬/૬/૨૦૧૯ને ગુરૂવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાક દરમિયાન** નીચેના અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : બંગલો નં. એ/૫, ઈન્ફોસીટી ટાઉનશીપ, ઈન્ફોસીટી, ઘ-૦ સર્કલ નજીક, ગાંધીનગર**

લી.

| | |
|---|---|
| ક્ષમાબેન યુ. જોષી | કૌશલ યુ. જોષી |
| પારૂલબેન જે. જોષી | જયંતભાઈ કે. જોષી |
| શ્રીબેન વધાવન | રીષિત કૌશલ જોષી |
| પ્રિતી કે. જોષી | |


## જાહેરાત

એગ્રો ઈન્ડિયા ક્રોપ સાયન્સ કંપનીના નીચે મુજબના ઉલ્લેખ કરેલા પાણીમાં સંપુર્ણ પણે વિદ્રાવ્ય મિશ્રખાતરના (100% Water Soluble Mixture of Fertilizer) આયાત અને ઉત્પાદન કરીને ગુજરાત રાજ્યમાં વેચાણ કરવાના છીએ.

એનઃપીઃકે 19:19:19, એનઃપીઃકે 20:20:20, એનઃપીઃકે 13:40:13, એનઃપીઃકે 09:00:40+TE, એનઃપીઃકે 11:05:41+TE, એનઃપીઃકે 12:36:12+2MgO+TE, એનઃપીઃકે 16:08:24+TE, એનઃપીઃકે 18:18:18+TE, એનઃપીઃકે 20:20:20+TE, એનઃપીઃકે 15:15:30+TE, એનઃપીઃકે 03:37+37+TE, એનઃપીઃકે 05:15:45+TE, એનઃપીઃકે 15:05:30+TE.

ઉપરના ઉત્પાદનોની ગુણવત્તા The Fertilizer (Control) Order 1985 મુજબ Notification No. S.O. 4120(E) Dt.30-12-2017 મુજબ રહેશે.

એગ્રો ઈન્ડિયા ક્રોપ સાયન્સ, પ્લોટ નંબર C1B, 602, કેરાલા જી.આઈ.ડી.સી., તાલુકા બાવળા, ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-382220. ગુજરાત







# ગાંધીનગરમાં ૭મી જૂને પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય સંગીત એવૉર્ડ સમારોહનું ભવ્ય આયોજન

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ભારતના ચાર શાસ્ત્રીય ગાયકોને એવોર્ડ અર્પણ કરશે : જાણીતા પાર્શ્વગાયિકા કવિતા કૃષ્ણમૂર્તિ લોકપ્રિય હિન્દી ફિલ્મી ગીતોની વિશેષ પ્રસ્તુતિ કરશે**

ગાંધીનગર, તા.૫

પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય સંગીત એવૉર્ડ અર્પણ સમારોહ તા. ૭મી જૂન ને શુક્રવારે રાત્રે ૮.૦૦ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે. રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત આ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ભારતીય શાસ્ત્રીય સંગીતના શિરમોર શાસ્ત્રીય ગાયકોને પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય સંગીત એવૉર્ડ અર્પણ કરાશે. ભારતના જાણીતા પાર્શ્વગાયિકા કવિતા કૃષ્ણમૂર્તિ આ પ્રસંગે ઉપસ્થિત રહીને વિશેષ પ્રસ્તુતિ કરશે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજભાઈ ભટ્ટ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય સંગીત એવૉર્ડ અર્પણ સમારોહની વિગતો આપતાં જણાવ્યું હતું કે, શાસ્ત્રીય સંગીતની સાધના અને સંવર્ધનમાં સમર્પિત કલાકારોને ગુજરાત સરકાર દ્વારા આ એવૉર્ડ એનાયત કરાય છે. વર્ષ : ૨૦૧૪-૧૫નો પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય સંગીત એવૉર્ડ પદ્મશ્રી પંડિત અજય ચક્રવર્તીને એનાયત કરાશે, વર્ષ : ૨૦૧૫-૧૬નો એવૉર્ડ પદ્મવિભૂષણ ઉસ્તાદ ગુલામ મુસ્તફા ખાનને,વર્ષ : ૨૦૧૬-૧૭નો

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લા ચાર વર્ષથી સ્થાનિક કલાકારોને પણ સ્ટેજ અપાયુ છે : પંકજ ભટ્ટ

ગાંધીનગર તા ૫

ગુજરાત સંગીત નાટય અકાદમી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય સંગીત એવોર્ડ સમારોહ અન્વયે વિગતો આપતા અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટે જણાંવ્યુ હતુ કે સંગીત નાટક અકાદમી દ્વારા છેલ્લે વર્ષ ૨૦૧૩ માં એવોર્ડ એનાયત કરાયો હતો. જયારે છેલ્લા ચાર વર્ષથી કલાકારોને એવોર્ડ આપવામાં આવ્યો નથી. આ દરમિયાન સ્થાનિક કક્ષાએ કલાકરોને પ્રોત્સાહીત કરવામાં આવ્યા છે. જે અન્વયે રાજકોટ , જામનગર, જુનાગઢ સહીતના શહેરોમાં શાસ્ત્રીય સંગીતકારોને સન્માનિત પણ કરવામાં આવ્યા છે.જયારે આ કલાકારોને સ્ટેજ મળી રહે તે માટે પણ આયોજન કરાયુ છે.


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# ઘ-૦ પાસે ઓવરબ્રિજના નિર્માણને અનુલક્ષી કામગીરી હાથ ધરાઈ

**સ્થળ પર સોઇલ ટેસ્ટીંગ હાથ ધરાયુ : સ્થળ પરથી પસાર થતી યુટીલીટી લાઇન પણ દુર ખસેડવા જવાબદાર વિભાગને સુચના**

ગાંધીનગર તા ૫

ચિલોડા સરખેજ હાઈવેને અપગ્રેડ કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ માર્ગને અનુલક્ષી રૂટમાં ૭ જેટલા ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવશે. જયારે હાલ ઘ :૦ પાસે ઓવરબ્રિજના નિર્માણને અનુલક્ષી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સ્થળ પર સોઈલ ટેસ્ટીંગનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ ઠેકાણેથી પસાર થતી અન્ડરગ્રાઉન્ડ લાઈનને પણ દુર ખસેડી દેવા માટે કોર્પોરેશન સહીતના તંત્રને સુચના આપવામાં આવી છે.

ચિલોડા સરખેજ માર્ગનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. આ માર્ગના નવિનીકરણ તેમજ વાઈડનીંગ સહીત નવા સર્વિસ રોડની કામગીરી પણ ચાલી રહી છે. આ રૂટમાં આવતા ક્રોસ જંકશન પર ઓવર બ્રિજ બનાવવા પણ આયોજન કરાયુ છે. જયારે હાલ આ ઓવરબ્રિજની કામગીરીને અનુલક્ષીને જરૂરી તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. જેમાં ઘ-૦ ,સરગાસણ અને વૈષ્ણોદેવી સર્કલ પાસે પણ ઓવર બ્રિજ બનાવાશે. જેથી આગામી દિવસોમાં આ માર્ગ પર ટ્રાફિકની સમસ્યા હલ થઈ જશે. જયારે મુખ્યમાર્ગો પરના ટ્રાફિકને અટકવાનો વારો નહીં આવે હાલ આ રૂટમાંથી સાંજના સમયે વાહન લઈને પસાર થવુ તે કસોટીરૂપ બન્યુ છે.

એસ જી હાઈવે પર વધતા ટ્રાફિકના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. ત્યારે આ પ્રોજેકટ અન્વયે ઓવર બ્રિજ તેમજ સર્વિસ રોડનુ પણ નિર્માણ કરવામાં આવશે જેથી મુખ્ય માર્ગ પર ટ્રાફિકનુ ભારણ રહેશે નહીં. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આ પ્રોજેકટને અનુલક્ષી ગાંધીનગરમાં ઘ-૦ પાસે ઓવર બ્રિજના નિર્માણ માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અલબત્ત આ ઠેકાણે સોઈલ ટેસ્ટીંગ હાથ ધરાયુ છે જયારે આ કામગીરીને અનુલક્ષી આ રૂટમાંથી પસાર થતી વિજલાઈન , ટેલીફોન તેમજ ગેસ લાઈન સહીતની યુટીલીટીઝ લાઈનને દુર કરવા માટે પણ જવાબદાર તંત્રને સુચના આપી દેવામાં આવી છે. આ પ્રોજેકટને અનુલક્ષી અંદાજિત રૂ ૮૫૦ કરોડનો તોતિંગ ખર્ચ કરાશે જયારે ઓવર બ્રિજ સહીતનુ કામ પણ ઝડપથી પુર્ણ થાય તે માટે પણ કામમાં ગતિ લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.


www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com